www.kamalamgujarat.com

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

Sunday

08.11.2020

*Volume :5 * Issue No. 84

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



### પ્રધાનમંત્રીએ IIT દિલ્હી ખાતે ૫૧મા પદવીદાન સમારંભમાં સંબોધન કર્યું

# ભારત પોતાના યુવાનોને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનો માહોલ પૂરો પાડવા માટે કટિબદ્ધ છે, જેથી તેઓ દેશવાસીઓ માટે 'ઇઝ ઓફ લિવિંગની સ્થિતિનું નિર્માણ કરવા પર ધ્યાન આપી શકે: પ્રધાનમંત્રી





## સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને દેશની જરૂરિયાતો પારખવાનો અને પરિવર્તનો સાથે પાયાના સ્તરેથી જોડાવાનો અનુરોધ કર્યો

કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ IITમાંથી આજે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને દેશની જરૂરિયાતો પારખવા અને પરિવર્તનો સાથે પાયાના સ્તરેથી જોડાવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે આ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર ભારતના સંદર્ભમાં સામાન્ય લોકોની મહત્વાકાંક્ષાઓ ઓળખવા માટે પણ કહ્યું હતું. પ્રધાનમંત્રીએ આજે IIT દિલ્હી ખાતે યોજાયેલા ૫૧મા પદવીદાન સમારંભ દરમિયાન વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી આપેલા સંબોધન દરમિયાન વિદ્યાર્થીઓને આ વાતો જણાવી હતી. IITના ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તેમનો સ્નાતકનો અભ્યાસ પૂરો કરવા બદલ તેમને અભિનંદન પાઠવતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આત્મનિર્ભર અભિયાન એક મિશન છે અને તે દેશમાં યુવાનો, ટેકનોક્રેટ્સ તેમજ ટેક-એન્ટરપ્રાઇઝ અગ્રણીઓને તકો પૂરી પાડે છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે, ટેકનોક્રેટ્સ મુક્ત રીતે પોતાના વિચારો અને નવાચારનો અમલ કરી શકે અને સરળતાથી તે બજારમાં ઉપલબ્ધ થાય તે માટે મોટાપાયે વ્યાપક બનાવી શકે તેના માટે એક અનુકૂળ માહોલ ઉભો કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ભારત પોતાના યુવાનોને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'નો માહોલ પૂરો પાડવા માટે કટિબદ્ધ છે જેથી તેઓ પોતાના નવાચાર દ્વારા કરોડો દેશવાસીઓના જીવનમાં સરળતા લાવવા માટે પરિવર્તન લાવી શકે છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે "દેશ તમને 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ'નો માહોલ આપશે, તમે બસ 'ઇઝ ઓફ લિવિંગ' પર કામ કરો." તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં લગભગ બધા જ ક્ષેત્રોમાં કરવામાં આવેલા મોટા સુધારાઓ પાછળ આ વિચારધારાને જ અનુસરવામાં આવી છે. તેમણે એવા ક્ષેત્રો પણ ગણાવ્યા હતા જ્યાં સુધારાઓના કારણે પહેલી જ વખત નવાચાર માટે તકોનું સર્જન કરવામાં આવ્યું છે અને નવા સ્ટાર્ટઅપ માટે તકો ઉપલબ્ધ થઇ શકી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તાજેતરમાં અન્ય સેવા પ્રદાતાઓ (OSP) માર્ગદર્શિકાને વધુ સરળ બનાવવામાં આવી છે અને પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા છે જેનાથી BPO ઉદ્યોગો પર આવતું વધારાનું ભારણ હળવું થઇ શકશે. તેમણે કહ્યું કે, BPO ઉદ્યોગને પણ બેંક બાંહેધરી સહિત વિવિધ જરૂરિયાતોમાંથી બાકાત રાખવામાં આવ્યો છે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે ટેક ઉદ્યોગને વર્ક ફ્રોમ હોમ (ઘરે બેઠાં કામ) અથવા વર્ક ફ્રોમ એનીવેર (ગમે ત્યાંથી કામ) જેવી સુવિધાઓથી વંચિત રાખતી જોગવાઇઓને પણ દૂર કરવામાં આવી છે.

આનાથી દેશમાં IT ક્ષેત્ર વૈશ્વિક સ્પર્ધામાં વધુ સારી રીતે આગળ વધી શકશે અને તેનાથી યુવા કૌશલ્યને વધુ તકો પ્રદાન થશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજે ભારત એવા દેશોમાંથી છે જ્યાં કોર્પોરેટ ટેક્સ સૌથી નીચલા સ્તરે છે. ભારતમાં જ્યારથી સ્ટાર્ટ-અપ ઇન્ડિયા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારથી ૫૦ હજારથી વધુ સ્ટાર્ટઅપ શરૂ થયા છે. તેમણે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાના સંદર્ભમાં સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયાસોના પરિણામો ગણાવ્યા હતા જેમાં છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં પેટન્ટની સંખ્યામાં ૪ ગણી વૃદ્ધિ, ટ્રેડમાર્ક નોંધણીમાં પાંચ ગણી વૃદ્ધિ સહિત અન્ય સિદ્ધિઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ઘણા વર્ષોના સમયમાં ૨૦થી વધુ ભારતીય યુનિકોર્ન કંપનીઓ સ્થાપિત થઇ પરંતુ આવનાર એક કે બે વર્ષમાં જ આ સંખ્યામાં વધીને બમણી થઇ જશે. પ્રધાનમંત્રીએ ખાસ એ બાબતનો ઉલ્લેખ કર્યો હતો કે, આજે ઇક્યુબેશનથી માંડીને ફંડિંગ માટે સ્ટાર્ટઅપ્સને મદદ કરવામાં આવે છે. તેમણે ઉમેર્યું હતું કે, સ્ટાર્ટઅપ માટે ફંડિંગ પૂરું પાડવાના ઉદ્દેશથી રૂ. ૧૦ હજાર કરોડની મૂડી સાથે ફંડ્સનું ભંડોળ શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, ત્રણ વર્ષના સમયગાળામાં, સ્ટાર્ટઅપ્સને કરવેરામાં મુક્તિ, સ્વપ્રમાણન અને સરળતાથી એક્ઝિટ જેવી અન્ય સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવી છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આજે રાષ્ટ્રીય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાઇપલાઇન અંતર્ગત, રૂપિયા ૧ લાખ કરોડનું રોકાણ કરવાનું આયોજન છે આનાથી સમગ્ર દેશમાં પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થશે અને તેના ફળસ્વરૂપે વર્તમાન તેમજ ભવિષ્યની જરૂરિયાતો સંતોષી શકાશે. તેમણે જણાવ્યું હતું કે આજે દેશ તમામ ક્ષેત્રોમાં મહત્તમ સંભાવ્યતા પ્રાપ્ત કરવા માટે નવી પદ્ધતિઓ પર કામ કરી રહ્યો છે. પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને તેમના

### IITના વિદ્યાર્થીઓને ગુણવત્તા, વ્યાપકતા, વિશ્વસનીયતા અને અનુરૂપક્ષમતાનો મંત્ર આપ્યો

કાર્યસ્થળ માટે ચાર મંત્રો આપ્યા હતા, જે નીચે પ્રમાણે છે:

- ગુણવત્તા પર ધ્યાન આપવું: ક્યારેય ગુણવત્તા સાથે બાંધછોડ કરવી નહીં
- વ્યાપકતા સુનિશ્ચિત કરવી: તમારા નવાચારના કાર્યને વ્યાપક જનસમુદાય સુધી પહોંચાડો.
- વિશ્વસનિયતા સુનિશ્ચિત કરવી: બજારમાં લાંબાગાળાનો વિશ્વાસ સ્થાપિત કરો
- અનુકૂલનક્ષમતા લાવવી: પરિવર્તન માટે તૈયાર રહો અને જીવનના માર્ગમાં અનિશ્ચિતતાઓની અપેક્ષા રાખો

તેમણે જણાવ્યું હતું કે આ પાયાના મંત્રો દરેકની ઓળખમાં એક નવી ચમક લાવશે તેમજ બ્રાન્ડ ઇન્ડિયાને પણ વધુ ચમકાવશે કારણ કે વિદ્યાર્થીઓ તો દેશના સૌથી મોટા બ્રાન્ડ એમ્બેસેડર્સ હોય છે. તેમણે ટાંક્યું હતું કે વિદ્યાર્થીઓનું કાર્ય દેશના ઉત્પાદનને વૈશ્વિક સ્વીકૃતિ અપાવશે અને તેનાથી દેશના પ્રયાસોમાં ઉન્નતિ આવશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે કોવિડ પછીની દુનિયા ખૂબ જ અલગ રહેશે અને ટેકનોલોજી તેમાં સૌથી મોટી ભૂમિકા નિભાવશે. તેમણે ઉમેર્યું હતું કે, વર્ચ્યુઅલ રિયાલિટી અંગે ક્યારેય કોઇએ વિચાર સુદ્ધા નહોતો કર્યો પરંતુ હવે વર્ચ્યુઅલ રિયાલિટી અને વધારેલી વાસ્તવિકતા વર્કિંગ રિયાલિટી એટલે કામની વાસ્તવિકતા બની ગઇ છે. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની વર્તમાન બેચ કાર્યસ્થળે ઉભરી રહેલા નવા માપદંડો શીખવા અને અપનાવવા માટેનો લાભ મેળવનારી પ્રથમ બેચ છે અને તેમણે સૌને અનુરોધ કર્યો હતો કે તેઓ આમાંથી શક્ય હોય એટલો વધારે લાભ ઉઠાવે. તેમણે કહ્યું હતું કે, કોવિડ-૧૯ મહામારીએ શીખવ્યું છે કે વૈશ્વિકરણ મહત્વનું છે પરંતુ આત્મનિર્ભરતા પણ એટલું જ મહત્વ ધરાવે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તાજેતરના ભૂતકાળમાં દેશે બતાવી દીધું છે કે, દેશમાં સૌથી ગરીબમાં ગરીબ વ્યક્તિ સુધી પ્રશાસનને પહોંચવા માટે કેવી રીતે ટેકનોલોજીનો ઉપયોગ સૌથી શક્તિશાળી માધ્યમ તરીકે થઇ શકે છે. તેમણે સરકારની એવી યોજનાઓ ગણાવી હતી જેના થકી ટેકનોલોજીના માધ્યમથી સરકાર દેશના ગરીબમાં ગરીબ લોકો સુધી પહોંચી શકી છે જેમાં શૌચાલયોનું નિર્માણ, ગેસ જોડાણો વગેરે પણ છે. તેમણે કહ્યું હતું કે, સેવાઓની ડિજિટલ ડિલિવરી માટે અને સામાન્ય લોકોનું જીવન વધુ સરળ બનાવવાની દિશામાં દેશ હરણફાળ ભરીને આગળ વધી રહ્યો છે. તેમણે ટિપ્પણી કરી હતી કે, ટેકનોલોજીએ કાર્યદક્ષ રીતે છેવટના લોકો સુધી ડિલિવરી કરવાનું અને ભ્રષ્ટાચારની શક્યતાઓ ઘટાડવાનું શક્ય બનાવ્યું છે. ડિજિટલ વ્યવહારોના કિસ્સામાં પણ ભારત દુનિયાના સંખ્યાબંધ દેશોની સરખામણીએ આગળ નીકળી ગયો છે અને વિકસિત દેશો પણ UPI જેવા ભારતીય પ્લેટફોર્મ અપનાવવાનો વિચાર કરી રહ્યાં છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે તાજેતરમાં શરૂ કરવામાં આવેલી સ્વામિત્વ યોજનામાં ટેકનોલોજી ખૂબ જ મોટી ભૂમિકા નિભાવી રહી છે. આ યોજના અંતર્ગત, પ્રથમ વખત રહેણાંક અને જમીનની મિલકતોનું મેપિંગ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે, અગાઉ આ કામ માણસો દ્વારા જાતે કરવામાં આવતું હતું અને તેના કારણે શંકાઓ રહેતી હતી અને આંશકાઓ આવે તે એક સ્વાભાવિક વાત છે. આજે, ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ મેપિંગનું કામ કરવામાં આવી રહ્યું છે અને ગામવાસીઓ પણ તેનાથી સંપૂર્ણ સંતુષ્ટ છે. આ બતાવે છે કે, કેવી રીતે ભારતમાં સામાન્ય લોકો પણ ટેકનોલોજી પર વિશ્વાસ કરી રહ્યાં છે. તેમણે એવા પડકારો ગણાવ્યા હતા જેના માટે ટેકનોલોજીએ સારા ઉકેલો આપ્યા છે જેમાં કુદરતી આપત્તિ પછીનું વ્યવસ્થાપન, ભૂગર્ભજળનું સ્તર જાળવવું, ટેલિ-મિડિસિનની ટેકનોલોજી અને રીમોટ સર્જરી, બિગ ડેટા વિશ્લેષણ વગેરેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓની અપવાદરૂપ ક્ષમતાઓની પ્રશંસા કરી હતી કારણે તેઓ ખૂબ નાની વયે સૌથી અઘરી કહેવાય તેવી પરીક્ષા પાસ કરીને આગળ વધી રહ્યાં છે અને સાથે-સાથે તેમને સલાહ પણ આપી હતી કે, તેઓ પોતાની આ ક્ષમતામાં વૃદ્ધિ કરવા માટે પરિસ્થિતિને અનુકૂળ અને વિનમ્ર રહે.

સુગમતા મતલબ તેમણે કહ્યું હતું કે, ક્યારેય પણ કોઇપણ તબક્કે ટીમનો હિસ્સો બનવામાં અચકાશો નહીં અને પોતાની ઓળખ છુપાવશો નહીં. વિનમ્રતા મતલબ તેમણે કહ્યું કે, હંમેશા નિરાભિમાની રહો અને પોતાની સફળતા તેમજ સિદ્ધિઓનું અભિમાન ના કરશો. પ્રધાનમંત્રીએ મોદીએ તમામ વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા, માર્ગદર્શકો અને ફેકલ્ટીઓને આ પદવીદાન સમારંભ બદલ શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે IIT દિલ્હીને તેની હિરક જયંતિની ઉજવણી નિમિત્તે પણ શુભેચ્છા પાઠવી હતી અન સંસ્થાને આ દાયકામાં તેમણે નિર્ધારિત કરેલા લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

## પ્રધાનમંત્રીએ પીએસએલવી-સી૪૯ / ઇઓએસ-૦૧ મિશનના સફળ પ્રક્ષેપણ બદલ ઇસરોને અભિનંદન આપ્યા



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) અને ભારતના અવકાશ ઉદ્યોગને PSLV-C49 / EOS-01 મિશનના સફળ પ્રક્ષેપણ બદલ અભિનંદન આપ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું, "હું આજે પીએસએલવી-સી ૪૯ / ઇઓએસ-૦૧ મિશનના સફળ પ્રક્ષેપણ માટે ઇસરો અને ભારતના અંતરિક્ષ ઉદ્યોગને અભિનંદન આપું છું. કોવિડ-૧૯ના સમયમાં આપણા વૈજ્ઞાનિકો સમયમર્યાદાને પહોંચી વળવા ઘણા અવરોધો પાર કર્યા છે. મિશનમાં અમેરિકા અને લકઝમબર્ગના ચાર અને લિથુનીયાના એક સહિત નવ ઉપગ્રહોનું પણ પ્રક્ષેપણ કરવામાં આવ્યુ છે. "


## સૈનિક શાળાઓમાં એડમિશન (શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨)



કમલમ દૈનિક,

રાષ્ટ્રીય પરિક્ષા એજન્સી (એનટીએ) દ્વારા ૨૩ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં વિસ્તૃત ૩૩ સૈનિક શાળાઓમાં વર્ગ ૬ માં અને નવમા પ્રવેશ માટે ૧૦ જાન્યુઆરી (રવિવાર) ના રોજ ઓલ ઇન્ડિયા સૈનિક સ્કૂલ પ્રવેશ પરીક્ષા -૨૦૨૧ (એઆઇએસએસઇઇ) નું આયોજન કરવામાં આવશે. ૨૦ ઓક્ટોબર ૨૦૨૦થી શરૂ થયેલી ઓનલાઇન અરજીઓની પ્રક્રિયા ૧૯ નવેમ્બર, ૨૦૨૦ના રોજ બંધ થશે. ઉમેદવારોએ વેબસાઇટ https://aissee.nta.nic.in પર નોંધણી કર્યા પછી અરજીઓ સબમિટ કરવાની રહેશે. એનટીએ સાઇટ www.nta.ac.in પર વિગતવાર માહિતી બુલેટિન પણ ઉપલબ્ધ છે. શૈક્ષણિક સત્ર ૨૦૨૧-૨૨થી ઓબીસી-એનસીએલ કેટેગરીમાં પ્રવેશ માટે અનામત શરુ કરવામાં આવી છે. છોકરીઓની ઉમેદવારી હવે તમામ ૩૩ સૈનિક શાળાઓમાં ધોરણ ૬થી પ્રવેશ માટે પાત્ર છે.

## NCC ગ્રૂપ હેડક્વાર્ટર રાજકોટ દ્વારા કેન્સર અંગે જાગૃતિ માટે વેબિનાર યોજાયો




કમલમ દૈનિક,

NCC ગ્રૂપ હેડક્વાર્ટર રાજકોટ દ્વારા કેન્સર કૅર ઇન્ડિયા અને શ્રી બટુકભાઇ ખંડેરિયા ચેરેટિબલ ટ્રસ્ટ હેલ્થ એન્ડ એજ્યુકેશનના સહયોગથી કેન્સર અંગે જાગૃતિ માટે ૦૭ નવેમ્બર ૨૦૨૦ના રોજ એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેનું સંકલન ૮ ગુજરાત બટાલિયન NCC, જુનાગઢ દ્વારા કરવામાં આવ્યું હતું. આ વેબિનારનો ઉદ્દેશ યુવાન છોકરાઓ અને છોકરીઓમાં વિવિધ પ્રકારના કેન્સરથી બચવા માટે સતર્કતા, નિવારણ અને સાવચેતીના પગલાંઓ સંબંધિત ધ્યાનમાં લેવાની મુખ્ય બાબતો અંગે જાગૃતિ ફેલાવવાનો હતો. આ પહેલબ્રિગેડિયર એસ.એન.તિવારી, ગ્રૂપ કમાન્ડર, NCC ગ્રૂપ હેડક્વાર્ટર રાજકોટ દ્વારા હાથ ધરવામાં આવી હતી. આ વેબિનાર ના પ્રારંભ પ્રસંગે તેમણે આપેલા સંબોધનમાં યુવાનોમાં કેન્સર અંગે જાગૃતિ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં 160 NCC કેડેટ્સઉપરાંત૮એસોસિએટેડNCC અધિકારીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો અને સાથે FOGSIના ડૉ. અલ્પેશ ગાંધી, કેન્સર કૅર ઇન્ડિયાના અધ્યક્ષ સુશ્રી સુધા મુર્ગાઇ, Ob Gy કન્સલ્ટન્ટ ડૉ. કલ્પના અને બી.જે મેડિકલ કોલેજના પ્રોફેસર સ્મિતા શાહ પણ જોડાયા હતા. તેમણે આ વેબિનાર દરમિયાન "કેન્સરનું વહેલું નિદાન અને સ્ક્રિનિંગ" મુદ્દા પર વિગતે વર્ણન કર્યું હતું અને કેડેટ્સે નિષ્ણાતોની પેનલ સાથે વાર્તાલાપ કરીને તેમના પ્રશ્નો અંગે સ્પષ્ટતા મેળવી હતી. કેન્સર જાગૃતિ દિવસ નિમિત્તે સહભાગીઓ માટે આ અનુભવ ખૂબ જ માહિતીસભર, જાણકારીપૂર્ણ અને જ્ઞાનાત્મક રહ્યો હતો.

## બારડોલી સુગર ફેક્ટરી ની ચૂંટણી માં ગુજરાત સરકાર ના કેબિનેટ મંત્રી શ્રી ઈશ્વરભાઈ પરમાર એ ઉમેદવારી પત્રક ભર્યું



કમલમ દૈનિક, કમલમ દૈનિક,સંજય પટેલ

બારડોલી સુગર ફેકટરી ની ચૂંટણી જાહેર થયા બાદ સહકાર પેનલ માંથી શ્રી રમણભાઈ સુખાભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પરમાર (કેબિનેટ મંત્રી ગુજરાત સરકાર) શ્રી ભાવેશ પટેલ સાથે સહકાર પેનલ ના તમામ ઉમેદવારો એ ઉમેદવારી નોંધવી હતી



## તંત્રી સ્થાનેથી......

ભારત સરકાર દ્વારા નિર્દેશિત થયા મુજબ બનાસકાંઠા જિલ્લાના પેન્શનરોને ભારતીય ટપાલ વિભાગ દ્વારા ડીજીટલ લાઈફ સર્ટીફિકેટ (જીવન પ્રમાણ પત્ર) સેવા ઉપલબ્દ્ધ કરાવવામાં આવી રહી છે. હવે કોઈ પણ પેન્શનર પોતાની નજીકની પોસ્ટ ઓફિસમાં મુલાકાત લઈ પોતાનું જીવન પ્રમાણ સર્ટીફિકેટ બનાવી શકે છે. આ સેવા માટે માત્ર પેન્શનરનો આધાર નંબર, મોબાઈલ નંબર, પેન્શન ઓર્ડર નંબર, પેન્શન ખાતા નંબર જરૂરી છે. ઉપરોક્ત સેવા સંપૂર્ણ પેપર લેસ છે. કોરોના સમયમાં કોઈ પેન્શનર બહાર ન જઈ શકે તો ઘરે બેઠા પણ પોસ્ટમેન દ્વારા આ ડીજીટલ સેવાનો લાભ લઈ શકે છે. જિલ્લા ડાક અધિક્ષક ધ્વારા જણાવ્યા અનુસાર ટેલીફોન નંબર ૦૨૭૪૨-૨૫૩૭૧૭ પર જાણ કરી પોસ્ટમેન ઘરે બોલાવી આ સેવાનો લાભ લઈ શકાય છે. આ સેવા માટે પેન્શન ધારકે ૭૦ રૂપિયાનો નજીવો શુલ્ક ચૂકવવાનો રહેશે. તથા પોસ્ટ ઈન્ફો એપ મારફત આપની વિનંતી નોંધાવી શકો છો. તેમ અધિક્ષક ડાકઘર બનાસકાંઠા મંડળ પાલનપુર દ્વારા જણાવાયું છે.

# ઘોઘા-હજીરા રો પેક્સ ફેરી સર્વિસ અંગે પત્રકાર પરિષદ સંબોધતા સાંસદ શ્રીમતી ભારતીબેન શિયાળ

કમલમ દૈનિક, ભાવનગર

સાંસદ શ્રીમતી ભારતીબેન શિયાળના અધ્યક્ષ સ્થાને તા.૮ નવેમ્બરથી શરૂ થનારી ઘોઘા - હજીરા રો પેક્સ ફેરી સેવા અંગે વિગતવાર માહિતી આપવા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબેન દવે, મેયર શ્રી મનહરભાઈ મોરી, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી વકતુબહેન મકવાણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી યુવરાજસિંહ ગોહિલ, ડેપ્યુટી મેયરશ્રી અશોકભાઈ બારૈયા સહિતના પદાધિકારીશ્રીઓ જોડાયા હતા. પત્રકાર પરિષદ સંબોધતા સાંસદ શ્રીમતી ભારતીબેન શિયાળે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૮ નવેમ્બર, ૨૦૨૦ના રોજ સુરતના હજીરા બંદરેથી ભાવનગરના ઘોઘા બંદર માટે રો-પેક્સ ફેરી સેવાનો શુભારંભ કરાવશે અને નવનિર્મિત રો-રો ટર્મિનલનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરશે. સુરતમાં વસતા સૌરાષ્ટ્રના અંદાજે ૨૦ લાખ લોકો સહિત દક્ષિણ ગુજરાતનાં લોકો માટે આ રો-પેક્સ ફેરી સેવા પ્રધાનમંત્રી શ્રી તરફથી દિવાળીની ભેટ સાબિત થશે. હાલમાં સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે ૧૦ થી ૧૨ કલાકની માર્ગ મુસાફરી કરવી પડે છે. રો-પેક્સ સેવા શરૂ થયા બાદ આ મુસાફરી માત્ર ૪ કલાકની થઈ જશે. વળી, લોકો પોતાની સાથે મોટર સાઈકલ કે કાર પણ ગામડે લઈ જઈ શકશે, જે પહેલા સંભવ નહોતું અથવા તો ખર્ચાળ અને સમય માંગી લેનારું હતું. એ જ રીતે, દક્ષિણ ગુજરાતના લોકો માટે આ સેવા સૌરાષ્ટ્રના દ્વાર ખોલી દેશે. તેમના માટે સોમનાથ મંદિર, સાસણગીર, ગીરનાર, દ્વારકા, શેત્રુંજય, જામનગરના ઈકો ટુરીઝમ કે રાજકોટના વેપારી મથકો સુધી પહોચવું સુગમ બનશે. ફેરી સેવા શરૂ થવાથી સૌરાષ્ટ્ર અને કચ્છ ક્ષેત્રમાં બંદર ક્ષેત્ર, ખાતર અને ફર્નિચર ઉદ્યોગને મોટું પ્રોત્સાહન મળશે. આમ આ સેવા સૌરાષ્ટ્ર અને સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના લોકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

### સાંસદ શ્રીમતી ભારતીબેન શિયાળ

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૮ નવેમ્બરે સુરતના હજીરાથી ભાવનગરના ઘોઘા વચ્ચે રો-પેક્સ ફેરી સેવાનો શુભારંભ કરાવશે
- સુરતમાં વસતા સૌરાષ્ટ્રવાસીઓ સહિત દક્ષિણ ગુજરાતના લોકોને મળશે દિવાળી ભેટ
- સામાન્ય રીતે ૧૦-૧૨ કલાક લેતી હજીરા-ઘોઘા માર્ગ મુસાફરી રો-પેક્સથી ૪ કલાકમાં પૂરી કરી શકાશે
- રો-પેક્સથી રોડ પરનું ભારણ ઘટશે, ટ્રાફિક સમસ્યા હળવી બનશે, મુસાફરી સસ્તી થશે અને પર્યાવરણની જાળવણી થશે



રો-પેક્સ સર્વિસ દિવસમાં ત્રણ રાઉન્ડ ટ્રીપ કરશે. જે મુજબ વર્ષમાં અંદાજે ૫ લાખ મુસાફરો, ૮૦ હજાર પેસેન્જર વાહનો, ૫૦ હજાર ટુ-વ્હીલર અને ૩૦ હજાર ટ્રકની અવરજવર શક્ય બનશે. ઘોઘા-હજીરા વચ્ચેનું માર્ગ અંતર લગભગ ૩૭૦ કિમી છે જે ઘટીને સમુદ્ર રસ્તે માત્ર ૯૦ કિમી જેટલું રહેશે. જેને કારણે ઈંધણની મોટી બચત થશે. રો-પેક્સ ફેરી સેવાથી પ્રતિ દિવસ અંદાજે ૯,૦૦૦ લીટર ઈંધણની બચત થશે. જેનાથી કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનમાં મોટો ઘટાડો કરી શકાશે. એક અંદાજ મુજબ, પ્રતિ દિવસ ૩ ટ્રીપ પ્રમાણે, પ્રતિ દિન ૨૪ એમટી કાર્બન ઉત્સર્જન ઓછું કરી શકાશે. રો-પેક્સ સેવાથી સુરત-સૌરાષ્ટ્ર વચ્ચે અવર જવર સસ્તી અને સુગમ બનશે. જેથી સુરતના ધંધા-ઉદ્યોગોનો લાભ સૌરાષ્ટ્રને મળતા સૌરાષ્ટ્રના જીલ્લાઓ આર્થિક રીતે મજબૂત બનશે તથા ધંધા-રોજગારીની નવી તકો ઉભી થશે. રો-પેક્સને કારણે સૌરાષ્ટ્રના પ્રવાસન સ્થળોએ પહોચવું સરળ બનતા પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે. સૌરાષ્ટ્રના લઘુ ઉદ્યોગો દ્વારા તૈયાર કરાતો માલ ઝડપી અને સસ્તા ભાવે સુરત અને ત્યાંથી મુંબઈ જેવા મોટા શહેરોમાં પહોચાડી શકાશે જેથી સૌરાષ્ટ્રને રો-પેક્સ થકી એક મોટું બજાર મળશે. આમ, રો-પેક્સ સેવા એ માત્ર પરિવહન સેવા ન બની રહેતા સૌરાષ્ટ્ર અને સુરતના લોકો માટે સમૃદ્ધિની ચાવી સાબિત થશે. હજીરા-ઘોઘા ફેરી સર્વિસ દિવસમાં ત્રણ વખત ચાલશે. એકી દિવસોમાં ઘોઘાથી સવારે ૭ અને સાંજે ૫ વાગ્યે અને હજીરાથી બપોરે ૧૨ વાગ્યે ફેરી ચાલશે. જ્યારે બેકી દિવસોમાં હજીરાથી સવારે ૭ અને સાંજે ૫ વાગ્યે અને ઘોઘાથી બપોરે ૧૨ વાગ્યાનો સમય રહેશે. ઓનલાઈન બુકિંગ https://www.dgseaconnect.com/ પર કરી શકાશે. આ રો પેક્સમા ૩૦ ટ્રક (૫૦ મેટ્રિક ટનવજન સહીત) ૧૦૦ પેસેન્જર કાર તથા ૫૦૦ પેસેન્જર ૩૪શીપફૂ ની ક્ષમતા, કેમ્બે લોન્જ (વીવીઆઈપી), બિઝનેસ ક્લાસ, એક્ઝીક્યુટીવ જેવી સગવડતાઓ, ૨ ફૂડ કોર્ટ તેમજ સુરક્ષા અર્થે ૨૫ વ્યક્તિની ક્ષમતાવાળા ૨૨ નંગ લાઈફ રાફટ, મરીન ઈવેક્યુએશન ડીવાઈસ જે તમામ મુસાફરોને ૨૫ મીનીટમાં બહાર કાઢી લેવાની ક્ષમતા ધરાવે તેવા ૩૦૦૦ વ્યક્તિની ક્ષમતાવાળા ૨ નંગ અને ૩૦૦ વ્યક્તિની ક્ષમતાવાળા ૨ નંગ અને ૯ વ્યક્તિની ક્ષમતા ધરાવતી ફાસ્ટ રેસ્ક્યુ બોટ ૧ નંગ જેટલી સુવિધાઓ આ રો-પેક્સમા ઉપલબ્ધ છે.

# કાલી-ઘેલી વાતો અને દાદા-દાદીની આજ્ઞાનું પાલન કરી કોરોનાને હરાવતી ચુલબુલી ૮ વર્ષીય દેવાંશી કાતરીયા



"પૌત્રીના પોઝીટીવ વ્યવહારે અમને ટુંક સમયમાં કોરોના નેગેટીવ કરી દીધા" – ધનજીભાઈ કાતરીયા

કમલમ દૈનિક,

" હું છે ને ત્યાં રમકડાંથી રમતી, દાદા-દાદી પાસેથી બાલગીત-બાળવાર્તા સાંભળતી, નર્સ દીદી જોડે વાતો કરતી, મારા મમ્મી-પપ્પા જોડે વીડિયોમાં વાત કરતી. મને બોવ મજા આવી. દાદાએ મારો રાસ લેતો વીડિયો પણ ઉતાર્યો...દાદી કેતા એમ હું બધું કરતી...." આ કાલી-ઘેલી વાતો છે કોરોનાને હરાવતી ૮ વર્ષીય દેવાંશી કાતરીયાની. રાત્રીના બે-અઢી વાગ્યે મને, મારા પત્નિ મુક્તાબેન અને ૮ વર્ષીય પૌત્રી દેવાંશીને શરદી, તાવ અને ઉધરસના લક્ષણો દેખાયા હતા. પૌત્રી નાની હોવાથી તેની ચિંતા થતાં અમે નજીકના આરોગ્ય કેન્દ્રમાં ગયાં અને અમારા ત્રણેયનો એન્ટીજન ટેસ્ટ કરાવ્યો. ટેસ્ટ પોઝીટીવ આવતાંની સાથે જ બે દિવસ હોમ આઈસોલેશનમાં રહ્યા. પરંતુ તબિયત ન સુધરતાં કોવીડ કેર સેન્ટરમાં દાખલ થયાં. આરોગ્ય કર્મીઓની સારવાર અને પૌત્રીના પોઝીટીવ વ્યવહારે અમને ટુંક સમયમાં કોરોના નેગેટીવ કરી દીધા. અત્યારે એકદમ સ્વસ્થ છીએ, તેમ ધનજીભાઈ કાતરીયાએ જણાવ્યું હતું. ચુલબુલી પૌત્રી દેવાંશીના બહાદુરી અને સમજદારીભર્યા વ્યવહાર અંગે વાતો કરતાં ધનજીભાઈએ કહ્યું હતુ કે, "સ્વાસ્થ્ય માટે યોગ-પ્રાણાયમ ફાયદાકારક છે, આથી સારવાર દરમિયાન હું યોગા કરતો તો મારી પાસે આવીને દેવાંશી પણ યોગા કરવા બેસી જતી. હોમ આઈસોલેશમાં બે દિવસ રહ્યા તો અમે કહેતા તેમ તે કરતી. દિકરી અમારૂ કહયું બધું માનતી અને કોઈ પણ વેન કે તોફાન કર્યા વગર પથારીમાં એકલી સુવા માટે તૈયાર થઈ ગઈ હતી. અમે કહેતા કે કોરોનાને હરાવવો છે ને ? તો ફટાફટ દવા પી લે અને તે દવા લઈ પણ લેતી." દેવાંશીના મમ્મી સર્વિસ કરે છે, પહેલા તો દિકરી કોરોનાથી સંક્રમિત થઈ તે સાંભળીને રડવા લાગ્યા હતા. પણ દિકરી જોડે રોજ વીડિયો કોલીંગમાં વાતો કરી, તેના સકારાત્મક વ્યવહાર જોઈ તેના મમ્મીને પણ ભરોસો આવી ગયો કે દેવાંશી જલ્દી સ્વસ્થ થઈ જશે તેમ ધનજીભાઈએ જણાવ્યું હતું. આમ ૮ વર્ષીય દેવાંશીએ દાદા-દાદીની આજ્ઞાનું પાલન કરી કોરોનાને મ્હાત આપી અને સાથો સાથ દાદા-દાદીની પરોક્ષરૂપે પ્રેરણાતે બનીને તેમને પણ ટુંક સમયમાં કોરોના નેગેટીવ બનાવ્યા.

# કોરોના સામે ૬ માસથી ૫૫૦ નર્સિંગ સ્ટાફની 'ફ્લોરેન્સ કામગીરી

## ૧૦૦ થી વધુ નર્સ સંક્રમિત થયા, સારવાર લઈ ફરી ફરીને કરી રહ્યા છે દર્દીઓની સેવા



કમલમ દૈનિક,

એકપણ રજા લીધા વગર રાજકોટ સિવિલનો ૫૫૦ વ્યક્તિઓનો નર્સિંગ સ્ટાફ કોરોના સંક્રમિત દર્દીઓ માટે દેવદૂત સમાન કાબિલેદાદ કામગીરી કરી ફ્લોરેન્સના નામને સાર્થક કરી રહ્યા હોવાનું પી.ડી.યુ મેડિકલ હોસ્પિટલના નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ ડો.હિતેન્દ્ર જાખરીયા ગૌરવ સાથે જણાવે છે. સતત ૬ માસથી તેઓ અવિરત કોરોના સામે ફ્રન્ટલાઈન પર કામગીરી બજાવી રહ્યા છે. નર્સ મહિલા બહેનો ઘર પરિવારની જવાબદારી ઉપરાંત હોસ્પિટલની ડ્યુટી નિભાવી રહ્યા છે જે તેમની કર્તવ્યનિષ્ટનું ઉત્તમ ઉદારણ પૂરું પાડે છે. નર્સ મહિલા તેમજ ભાઈઓ સેમ્પલ લેવા માટે રિમોટ વિસ્તારમાં પણ જતા હોઈ સતત ૮ થી ૧૦ કલાક પી.પી.ઈ કીટ, માસ્ક અને ગ્લોવ્ઝમાં પરસેવે નહાઈ જનસમૂહને મદદરૂપ બન્યાનું ડો. જાખરીયા જણાવે છે. કોવીડ હોસ્પિટલમાં પ્રસૂતા મહિલાઓ માટે ખાસ વોર્ડ અને ઓ.ટી. વિભાગ ખોલવામાં આવ્યો છે. અહીં અવતાર પામતા લાડલા બાળકોને માની મમતા આ નર્સ બહેનો પુરી પાડી રહી છે.

પુરુષ નર્સ સમયની પરવા કર્યા વગર તેમની ફરજ નિભાવી નર્સિંગ વ્યવસાયને સેવા રૂપી કવચ પહેવારી ઉચ્ચતમ શિખરે પહોચાડ્યું હોવાનું ડો. હિતેન્દ્ર જણાવે છે. આ ફરજ દરમ્યાન અનેક નર્સ કોરોના સંક્રમિત બન્યા, તેઓ સારવાર તેમજ ૧૪ દિવસ હોમ આઈસોલેશનમાં રહી પુનઃ તેમની ફરજ બજાવી રહ્યા છે. નર્સિંગ સ્ટાફમાં પતિ પત્ની બંને કોરોના સંક્રમિત થયાની ઘટનાઓ પણ અનેકવાર બની છે, તેમ છતાં કોરોના વોર્ડના નર્સિંગ સ્ટાફની સેવાના સહારે ડોક્ટર્સ સ્ટાફ સાથે એક સિક્કાની બે બાજુ સમાન તેમની ફરજ સાર્થક કરી રહ્યા છે. ડો. જાખરીયા પોતે જોયેલ કોરોનાનું રૌદ્ર સ્વરૂપ અને ૬ માસની નર્સિંગ કામગીરીને ધ્યાને લઈ પ્રજાને આવનારા તહેવારોમાં સચેત રહેવા ખાસ અપીલ કરતાં કહે છે કે, આપણે માસ્ક, સેનેટાઈઝર અને ''દો ગજની દુરીનો મંત્ર સતત ચાલુ રાખવો પડશે.

અમારો સ્ટાફ સતત હાજર જ છે પરંતુ કોઈને આ બીમારી લાગુ ન પડે તેમ અમે ઈચ્છીએ છીએ. ખાસ કરીને નાના બાળકો, મોટી ઉંમરના વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓ ઘરે જ રહે અને બહારનું જમવાનું ટાળે તેમ તેઓ વિશેષ અપીલ કરે છે. આરોગ્ય કર્મીઓ તેમની ફરજ અવિરતપણે નિભાવી રહ્યા છે ત્યારે આપણે પણ આપણી ફરજ નિભાવીએ અને કોરોનાને મહાત આપીએ...

## છગનભાઈના એક લાખથી પણ વધુની હ્રદય રોગની સારવારનો ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવ્યો

# ગરીબ પરિવારનું આરોગ્ય કવચ બનતું મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ ખિસ્સામાં ફૂટીકોડી પણ નહોતી છતાં છગનભાઈની હ્રદય રોગની સારવાર નયો પૈસો ખરચ્યા વિના થઇ



દાહોદમાં ચાની કીટલી ચલાવતા છગનભાઈની માથે હ્રદય રોગની આફત આવી પણ મુખ્યમંત્રી અમૃતમ કાર્ડ ઢાલ બની ઉભું રહ્યું

કમલમ દૈનિક, દાહોદ

આપણે ચાની લારી ઉપર મિત્રો સાથે અકસર ચાની ચૂસકીઓ માણીએ છીએ પરંતુ તેઓની જિંદગીમાં કદી ડોકિયું કરતા નથી. સવાર થી સાંજ સુધી ચાની કીટલી ચલાવી તેઓ માત્ર ગુજરાન પૂરતું જ કમાઈ લેતા હોય છે. કોઈ મોટો ખર્ચો આવી પડે તો તેમના માટે મોટી મુસીબત ઊભી થાય છે. દાહોદના છગનભાઈ સંગાડીયા દાહોદ શહેરમાં છેલ્લા ૨૦ વર્ષથી ચા વેચીને ગુજરાન ચલાવે છે. પણ બચત એક રૂપિયાની પણ નહી. એવામાં અચાનક એક દિવસ હદય રોગનો જીવલેણ હુમલો તેમના માટે મોટી મુસીબત બનીને આવ્યો. છગનભાઈ દાહોદ શહેરના ગડી ફોર્ટ ખાતે ચાની કીટલી ચલાવે છે. આસપાસ સરકારી કચેરીઓ અને લોકોની અવરજવર હોય ગુજરાન પૂરતું તેઓ કમાઈ લેતા હતા. પંચાવન વર્ષના છગનભાઈને તેમના પત્ની સહિત સાત જણાનો પરિવાર છે. બાળકો મોટા થઈ ગયા હોય તેમના લગ્ન અને ઘરસંસાર વસાવવાની ચિંતા પણ સતાવતી હતી. પરંતુ ચિંતાથી કોઈ સમસ્યાનો ઊકેલ નથી આવતો પરંતુ એક નવી સમસ્યા જરૂર સર્જાય જાય છે. છગનભાઈ સાથે પણ કંઈક એવું જ થયું. એક વખત મધ્યરાત્રીએ તેમને છાતીમાં સખત દુખાવો ઉપડયો. તેઓ દાહોદની રીધમ હોસ્પીટલમાં દાખલ થયા. પરંતુ રોગના ચોક્કસ નિદાન માટેના રીપોર્ટો કરાવાનો ખર્ચોજ છગનભાઈના પરિવારજનો ને પોષાય તેઓ નહોતો ત્યાં મોઘીં સારવાર કેવી રીતે કરાવીશું તેની ચિંતા સ્વજનોને સતાવવા લાગી. રીધમ હોસ્પીટલમાં રાજય સરકાર દ્વારા આરોગ્યને લગતી વિવિધ યોજનાઓનો લાભ અપાતો હોય આ માટેના હોસ્પીટલના વિભાગ દ્વારા છગનભાઈના પરિવારજનોને મુખ્યમંત્રી અમૃત્તમ યોજના વિશે માહિતગાર કરાયા અને આ યોજનાનો લાભ લેવા જણાવાયું. છગનભાઈ તેમની આર્થિક પરિસ્થિતિને કારણે જીવનભર કોઈ બચત કરી શકયા નહોતા પરંતુ તેમણે મુખ્યમંત્રી અમૃત્તમ યોજના માટેનું કાર્ડ કઢાવ્યું હોય તેમના તમામ રિપોર્ટો, સારવાર-દવા વગેરેનો ખર્ચ રાજય સરકારે ઊઠાવ્યો. છગનભાઈના પરિવારજનો માટે આ એક મોટું સંકટ હતું પરંતુ તેમણે કોઈ આર્થિક સંકટનો સામનો કરવો પડયો નહી અને હોસ્પીટલમાં સઘન સારવાર મળતાં છગનભાઈને રજા મળી ગઈ. છગનભાઈ પર આવી પડેલી મુસીબતમાં અણીના સમયે રાજય સરકારની મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાનો લાભ મળતા તેઓ વેળાસર તેમાંથી હેમખેમ બહાર આવી ગયા. છગનભાઈને સીત્તેર ટકાથી વધુ હાર્ટ બ્લોકેઝ હતું અને આ માટે મોટી શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. એક લાખથી પણ વધુ રૂપિયાનો ખર્ચ તેમની સારવારમાં થયો હતો. પરંતુ છગનભાઈને એક રૂપીયો પણ ખર્ચવાની જરૂર પડી નહી. તમામ ખર્ચ રાજય સરકારે ઉઠાવ્યો હતો. દાહોદના છગનભાઈ રાજય સરકારનો આભાર માનતા જણાવે છે કે, મારી પાસે બચતનો એક પણ રૂપીયો નહોતો પરંતુ મારી પાસે મુખ્યમંત્રી અમૃત્તમ યોજનાનું કાર્ડ હતું છે. જે મારા જેવા સામાન્ય માણસ માટે મોટી મૂડી સમાન છે. મારી જીવલેણ બિમારીની નિઃશુલ્ક સારવાર કરી આપવા માટે હું રાજય સરકારને ધન્યવાદ આપું છું.

## કલેક્ટરશ્રી આનંદ પટેલની ગરીબો પ્રત્યે સંવેદના

# ફૂટપાથ પર રહેતા ગરીબોને દિવાળીના તહેવારોને અનુલક્ષી મીઠાઈનું વિતરણ કર્યુ

કમલમ દૈનિક,

બનાસકાંઠા જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલની ગરીબો પ્રત્યેની સંવેદનાની જિલ્લાવાસીઓ સરાહના કરી રહ્યા છે. આગામી સમયમાં દિવાળી, નૂતન વર્ષ અને ભાઈભીજ જેવા તહેવારો આવી રહ્યા છે ત્યારે બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલના નેતૃત્વમાં જિલ્લાના મહેસૂલી અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અનોખો સેવાયજ્ઞ આદરવામાં આવ્યો છે. બનાસકાંઠા કલેકટરશ્રી આનંદ પટેલે પાલનપુર શહેરમાં ફૂટપાથ પર રહેતા અત્યંત ગરીબ લોકોને ગઈકાલે સાંજે મીઠાઈનું વિતરણ કર્યુ હતું. કલેકટરશ્રીએ જણાવ્યું કે, બનાસકાંઠા જિલ્લાના મહેસૂલી પરિવાર દ્વારા ફુટપાથ પર રહેતાં ગરીબ પરિવારોને સાંજનું ભોજન મળી રહે તે માટેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યારે ૨૦ થી ૨૫ લોકોને ભોજન આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. આગળ જતાં તેમની જરૂરીયાતોને ધ્યાનમાં રાખી આ સેવા વિસ્તારવામાં આવશે. મીઠાઈ વિતરણ પ્રસંગે નિવાસી અધિક કલેકટરશ્રી એ. ટી. પટેલ, પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા, નાયબ મામલતદારશ્રીઓ સહિત મહેસૂલના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



બનાસકાંઠા જિલ્લાના મહેસૂલી કર્મચારીઓનો અનોખો સેવાયજ્ઞ: ઘરવિહોણા ગરીબો માટે ભોજન અને મીઠાઈ આપવાનું આયોજન કરાયું

# માંડવી નગરપાલિકા ના ઉપપ્રમુખ શ્રી ગીતાબેન ગોર દ્વારા વહાલી દીકરી યોજના નો કાર્યક્રમ યોજાયો



કમલમ દૈનિક,

ભારત ના સ્વપ્નદ્રષ્ટા અને લોકપ્રિય વડાપ્રધાન મા શ્રી નરેન્દ્રભાઈ મોદી નો 'બેટી બચાવો બેટી પઢાઓ' સૂત્ર ને પ્રોત્સાહિત કરતી ગુજરાત સરકાર ના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ની સંવેદનશીલ સરકાર ની 'વહાલી દિકરી યોજના' હેઠળ તબેલા વિસ્તાર અને રામેશ્વર વસાહત ની ૧ ૩ દિકરી ઓ ને આ યોજના હેઠળ લાભાર્થી બનાવી અને રમકડાં ની સોગાત આપવામાં આવી. આ યોજના મા અગાઉ બે સંતાન ની મર્યાદા હતી પરંતુ શ્રી વિજયભાઈ રૂપાણી ની સંવેદનશીલ સરકાર ખરા અર્થમાં બેટી બચાવો બેટી પઢાઓ સૂત્ર ને સાર્થક કરવા આ યોજના મા સુધારો કરી બે ને બદલે ત્રણ સંતાન સુધી આવરી લેવામાં આવ્યા છે. આ યોજના હેઠળ લાભાર્થી દિકરી ના જન્મ પછી એક વર્ષ મા આ ફોર્મ ભરી શકાય છે અને આ દીકરી ના પ્રથમ ધોરણ ના પ્રવેશ સમયે પાંચ હજાર,નવમા ધોરણમાં પ્રવેશ સમયે પાંચ હજાર અને અઢાર વર્ષ પૂર્ણ થયે એક લાખ રૂપિયા મળવા પાત્ર થાય છે. આજ ના આ કાર્યક્રમ માં માંડવી શહેર ભાજપ પ્રમુખ શ્રી દેવાંઘ ભાઈ દવે ઉપસ્થિત રહી આ યોજના હેઠળ વધારે દિકરીઓ લાભાર્થી બને એવી અપીલ કરી હતી. આ કાર્યક્રમ ની વિસ્તૃત માહિતી શ્રી કુનાલ ભાઈ ડાઘા એ આપી હતી શ્રી વિનુભાઈ થાનકી, શ્રી શબીર ભાઈ કીચા,શ્રી અલ્તાફ ભાઈ આગરીયા, શ્રી હમીદભાઈ મેમણ અને શ્રી બશીર ભાઈ કીચા,શ્રી લતાબેન ડાઘા અને શ્રી મુમતાઝ બેન સુમરા તથા શ્રી અમાબેન કોરેજા એ હાજરી આપી હતી. આંગણવાડી ની બહેનો શ્રી અસ્મિતા બેન ગોર અને શ્રી દિશાબેન ખારવા લાભાર્થી ઓ ને ઘર જઈ ફોર્મ ભરવા ની જહેમત ઉઠાવી હતી.





# કોવિડ ૧૯: વડોદરાની સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં પરિસ્થિતિ માં નોંધપાત્ર સુધારો થયો છે: ડો.વિનોદ રાવ

કમલમ દૈનિક, વડોદરા

ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો. વિનોદ રાવે આજે ગોત્રી અને સયાજી હોસ્પિટલો ની મુલાકાત લઈને પરિસ્થિતિ ની સમીક્ષા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તમામ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોના ની પરિસ્થિતિ નોંધપાત્ર પ્રમાણમાં સુધરી છે. ગોત્રી હોસ્પિટલમાં માત્ર ૧૧૭ અને સયાજી હોસ્પિટલમાં ૯૪ કોવિડ પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે.આજ થી લગભગ ૪૫ દિવસ અગાઉ આ દવાખાનાઓમાં ૩૫૦ થી ૪૦૦ દર્દીઓ રહેતા.

## સયાજી હોસ્પિટલની કોરોના સારવાર સુવિધા હેઠળ એક તબીબની કરવામાં આવી

# મેરેથોન સારવાર: ૩૬ થી વધુ દિવસની સઘન સારવાર પછી ડો.મહેશભાઈ કોરોના ની જડબેસલાક પકડમાં થી લગભગ મુક્ત થઈ ગયા છે

### ૬૯ વર્ષની ઉંમરના આ તબીબ કહે છે કે સયાજી હોસ્પિટલના તબીબો અને સ્ટાફ મારા જેવા વડીલ દર્દીઓની પોતાના માતાપિતાની લેતા હોય એવી સારસંભાળ લે છે...





### મને જેવી સારવાર સયાજીમાં વિનામૂલ્યે મળી એવી સારવાર માટે અન્ય સંસ્થામાં દરરોજના રૂ.૫૦ હજાર ખર્ચવા પડે: ડો.મહેશભાઈ...

કમલમ દૈનિક, વડોદરા

ડો.મહેશભાઈ રાવજીભાઈ પટેલ પોતાનું દવાખાનું ચલાવે છે.કોરોના ની જડબેસલાક પકડમાં આવી ગયેલા આ ૬૯ વર્ષના ડોકટરની સયાજી હોસ્પિટલના કોરોના વોર્ડમાં લગભગ છેલ્લા ૩૬ દિવસ થી સઘન સારવાર કરવામાં આવી રહી છે,અને અત્યંત ગંભીર કહી શકાય એવી હાલતમાં દાખલ થયેલા આ તબીબ હવે લગભગ કોરોના મુક્ત થઈ ગયાં છે અને જાણે કે નવું જીવન પામ્યા છે. હું એકદમ સિવિયર, ક્રિટીકલ પોઝિશનમાં ખૂબ ખરાબ હાલતમાં સયાજીમાં આવ્યો હતો એવી જાણકારી આપતાં ડો.મહેશભાઈ એ જણાવ્યું કે અહી ૩૫/૩૬ દિવસની સારવાર પછી હવે ઘણું સારું લાગે છે, મેં મારા પરિચિતોને કોરોનાની સારવાર માટે સયાજી હોસ્પિટલમાં જવાની ભલામણ કરી છે. અહીંના તબીબો અને સ્ટાફ મારા જેવા વડીલ દર્દીની, પોતાના માતા પિતાની સારવાર કરતાં હોય એટલા જ સ્નેહથી સારવાર કરે છે અને એમને આગ્રહ કરીને જમાડે છે એવા શબ્દોમાં અહોભાવ વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે, અહીંના તબીબો, નર્સિંગ સ્ટાફ અને સફાઈ સેવકો એક ટીમની જેમ રાત દિવસ કામ કરે છે, ડોકટરો તો અદભૂત કામ કરે છે, મને વિચાર આવે છે કે, રાતદિવસ કામ કરતા આ લોકો ક્યારે ભોજન લે છે એ જ મને સમજાતું નથી. તેમણે કહ્યું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં કોરોનાની સારવારનું ઘણું સારું કામ થયું છે. સરકારે લોકોને નચિંત રાખ્યા છે. ડોકટર દવા કરે છે, ભરસક પ્રયત્નો કરે છે એનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, દર્દીઓ એ સારવાર કરતાં તબીબોને સહયોગ આપવો જોઈએ, તેઓ કહે તે પ્રમાણે સારવારની સૂચનાઓનો અમલ કરવો જોઈએ. અહી ભોજન, નાસ્તો બધું જ સમયસર મળે છે, ડો.બેલીમ સહિત સિનિયર ડોકટરો દર્દીઓ સાથે વાતચીત કરી તેમને ધરપત આપે છે. ડોકટરોની પેનલ સારવાર પર નજર રાખે છે. મને લાગે છે કે, જો બહાર અન્ય કોઈ તબીબી સંસ્થામાં આવી સારવાર કરાવીએ તો રોજના લગભગ ૫૦ હજાર નો ખર્ચ થાય ત્યારે આ તમામ સારવાર સુવિધા અહી મને પૈસો ખરચ કર્યા વગર મળી છે એમ તેમણે ઉમેર્યું હતું. ડો.મહેશભાઈ જેવા કેસોમાં દર્દીના બચવાની શક્યતા ૧૦ જેટલી જ હોય છે એવું મંતવ્ય વ્યકત કરતાં સયાજી હોસ્પિટલની કોવિડ સારવાર સુવિધાના વહીવટી નોડલ અધિકારી ડો.બેલીમ ઓ.બી. એ જણાવ્યું કે તેમને હાઈએસ્ટ લેવલના વેન્ટિલેટર પર રાખીને સારવાર આપવામાં આવી છે. ફેફસાના એક્સરે સહિત જરૂરી તમામ પરીક્ષણો કરવાની સાથે ટોસી, રેમડેસીવિર, ઈનોક્ષિપેરીન સહિતની મોંઘામાં મોંઘી દવાઓ તેમને આપીને કોરોના માં થી ઉગારવાના તમામ શક્ય પ્રયાસો કર્યા, જેને સફળતા મળી છે. આ જે એ લગભગ સ્વસ્થ અને સ્ટેબલ થઈ ગયાં છે. અમારી ટીમને એક દર્દીની જીવન રક્ષામાં યોગદાન આપ્યાનો ખૂબ હર્ષ છે. ડો.મહેશભાઈ તેમના દર્દીઓની સારી એવી ચાહના પામ્યા છે. દવાની સાથે એ દર્દીઓની દુવા પણ તેમને ફળી છે. હાલમાં તેમનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે એટલે તેમને ખાસ રૂમમાં રાખીને દેખરેખ હેઠળ સારવાર ચાલુ રાખવામાં આવી છે. તેમને હાલમાં શ્વાસ ને સ્થિર કરવા થોડો થોડો ઓકસીજન આપવામાં આવી રહ્યો છે જેની પણ આગામી ત્રણ ચાર દિવસ પછી જરૂર નહિ રહે એવું ડો. બેલીમનું કહેવું છે. ડો.મહેશ પટેલ એક દાખલો છે. તેમના જેવા મોટી ઉમરના, અન્ય સહરોગો ધરાવતા સંખ્યાબંધ દર્દીઓને સયાજી હોસ્પિટલમાં સમર્પિત અને નિશુલ્ક સારવાર આપીને કોરોના મુક્ત કરવામાં આવ્યા છે. ટીમ સયાજી એ સરકારી આરોગ્ય સેવાની વિશ્વસનીયતા વધારી છે.

# "લોક માંગણી–લોક હિતાર્થે"

કમલમ દૈનિક, ડાંગ

રિપોર્ટ-અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્ર વઘઇ ની એમ્બ્યુલન્સ(GJ-30G-0009) Covid-19 કામગીરી અર્થે જનરલ હોસ્પિટલ આહવા ખાતે ફાળવવામાં આવેલ છે. હાલમાં ડાંગ જિલ્લો કોરોના મુક્ત તરીકે જાહેર કરવામાં આવેલ છે .અને આહવા ખાતે બીજી ગાડીઓ છે .

અનેવઘઇ C.H.C ખાતે માર્ચ-૨૦ થી ગાડી આહવા ખાતે ફાળવવામાં આવેલ હોઈ વઘઇ C.H.C માંથી જ્યારે જ્યારે દર્દીઓને રીફર કરવામાં ઘણી તકલીફ પડી રહી છે એવું દર્દીઓ દ્વારા જાણવા મળેલ છે લોકમુખે ચર્ચાઈ રહ્યું છે વઘઇ C H C ખાતેથી વારંવાર વલસાડ આહવા ખાતે જ્યારે જ્યારે રીફર કરવામાં આવે છે ત્યારે ઘણી પારાવાર મુશ્કેલી ઓનો સામનો કરવો પડી રહ્યો છે એવું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે તો આહવા ખાતેથી એમ્બ્યુલન્સ વઘઇ C H C ખાતે પરત આપવામાં આવે તો દર્દીઓને આ એમ્બ્યુલન્સ સેવાનો લાભ લઈ શકે તેમ છે આવી લોક માંગણી ઉઠેલ છે વઘઇ C H C ખાતે એમ્બ્યુલન્સ ની જરૂરિયાત હોય તેમ લાગી રહ્યું છે એવું લોક માંગણી અને લોક હિતાર્થે




# કોરોના નામના શત્રુને હંફાવવા સતર્કતા, સહિષ્ણુતા, સંભાળ અને સમયસર સારવાર આ ચાર મંત્રોને જીવનમાં ઉતારવા જોઈએ



કમલમ દૈનિક, આણંદ

કોરોના વાઈરસ સામે આજે આખો દેશ લડી રહ્યો છે. ત?યારે આપણે એક વાત ખાસ યાદ રાખવી રહી કે આપણે બિમારીથી લડવાનું છે, બિમારથી નહી, માટે તેની સંભાળ રાખીએ. છેલ?લા કેટલાંય મહિનાઓથી કોરોનારૂપી મહામારીમાંથી નાગરિકોને રક્ષિત કરવા કેન્દ્ર અને રાજ્ય સરકાર મહિનાઓથી અનેક મોરચે ઝુંબેશ ચલાવી રહી છે. કોવિડ-૧૯ નામક અદશ્ય શત્રુને પરાજિત કરવા આપણાં આરોગ્યકર્મીઓ ચોવીસે કલાક નિષ્ઠાપૂર્વક પોતાની કામગીરી નિભાવી રહ્યાં છે. કોરોના વાઈરસને માનવીનો અદશ્ય દુશ્મન છે. મેડિકલ ક્ષેત્રમાં અનેક રોગનો તાગ અને ઈલાજ મેળવવો મુશ્કેલ હોય છે. કોવિડ-૧૯ વાઈરસ પણ એમાંનો એક છે. હાલ તો કોરોનાની પરિસ્થિતિમાં મહ્દઅંશે સુધારો આવ્યો છે પરંતુ આ સ્થિતિ જાળવી રાખવા માટે આપણે સૌએ સતર્કતા, સહિષ્?ણુતા, સંભાળ અને સમયસર સારવાર આ ચાર મંત્રોને જીવનમાં ઉતારવા પડશે. આની સાથોસાથ આપણે સ્?વયં આપણી જાતની કાળજી રાખવા જયારે પણ ઘરની બહાર નીકળીએ તો અવશ્?ય માસ્?ક પહેરીને જ નીકળીએ તેટલું જ નહીં પણ અન્?યને પણ માસ્?ક પહેરવા સમજાવીએ તેમજ અન્ય વ્યક્તિથી નિશ્ચિત અંતર (દો ગજ કી દૂરી) રાખીએ, વારંવાર સાબુથી/ સેનેટાઈઝરથી હાથ સાફ કરતા રહીએ. ખાસ કરીને દિવાળીનાં તહેવારમાં વિશેષ કાળજી રાખવી જરૂરી છે. અને જો આપણી આટલી કાળજી રાખીશું તો આપણે આપણી જાતને, આપણા કુટુંબ – પરિવાર – સમાજ સહિત સૌને સુરક્ષિત રાખી શકીશું. કોરોનાનાં વહેલાસર નિદાનથી દર્દીની ઝડપથી સાજાં થવાની શક્યતા વધી જાય છે. કોરોનાથી બચવા માટે નિયમિત આહાર-વિહાર, વ્યાયામ, સૂર્યનમસ્કાર, પૂરતી ઉંઘ અને સમયાંતરે આયુર્વેદિક ઉકાળા અને ઔષધિઓનું સેવન કરવું હિતાવહ છે. તો ચાલો, આપણે સૌ સાથે મળીને કોરોનાને હરાવવાનો સંકલ્પ કરીયે, સ્વયં અને પોતાના પરિવારની કાળજી સાથે કોરોનાની કામગીરી સાથે જોડાયેલાં કર્મયોગીઓને પુરૂં સન્માન આપીએ, કારણકે, જો આ યોદ્ધાઓની સંભાળ રાખીએ અને કોરોનાથી બચી ગામ-નગર-શહેર-જિલ્?લા-રાજ્ય અને રાષ્?ટ્રને કોરોના મુકત બનાવવામાં સહભાગી થઈએ એજ આજના સમયની માંગ છે.

# શામળાજી દહેગામડાનો બુટલેગર કારમાં પર વિદેશી દારૂની બોટલની ડીલેવરી આપે તે પહેલા મોડાસા હજીરા નજીકથી અરવલ્લી એલસીબીએ ઝડપ્યો



કમલમ દૈનિક, અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે સતત દોડા દોડી કરી રહી છે જીલ્લામાં દિવાળીના તહેવાર ટાણે મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી પોલીસ બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવી રહી રહી છે અરવલ્લી એલસીબી પોલીસે મોડાસાના હજીરા વિસ્તારમાંથી મિત્સુબિશી કારમાં ૩૧ હજારથી વધુના વિદેશી દારૂની ભરી પસાર થતા દહેગામડાના જીતેન્દ્ર બબાભાઈ માલીવાડ નામના બુટલેગરને ઝડપી પાડી બુટલેગરની ખેપને નિષ્ફળ બનાવી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે હજીરા વિસ્તારમાં શામળાજી તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથધર્યું હતું જીલ્લા સેવાસદન કચેરી તરફથી પુરપાટ ઝડપે પસાર થતી મિત્સુબિશી કારને અટકાવી તલાસી લેતા કારમાં સંતાડી રાખેલ વિદેશી દારૂની બોટલ નંગ-૫૨ કીં.રૂ.૩૧૨૦૦/- નો જથ્થો જપ્ત કરી કાર ચાલક ભિલોડા તાલુકાના દહેગામડા ગામના જીતેન્દ્ર બબાભાઈ માલીવાડની ધરપકડ કરી વિદેશી દારૂ અને કારની કિંમત મળી કુલ રૂ.૧૩૨૨૦૦ /- નો મુદ્દામાલ જપ્ત કરી કાર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# 'મા યોજના'માં કતારગામના વડીલનું પ્રોસ્ટેટનું નિ:શુલ્ક ઓપરેશન થતાં પરિવારને મોટી આર્થિક રાહત સાંપડી




"માં" કાર્ડએ અમને ઓપરેશનના મોટા ખર્ચમાંથી ઉગારી લીધા છે: સુશિલાબેન પટેલ

### આરોગ્ય વિભાગની ત્વરિત સહાયતાનો પટેલ પરિવારને થયો સુખદ અનુભવ

કમલમ દૈનિક, સુરત,

મુખ્યમંત્રી અમૃત્તમ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ યોજનામાં કોઈપણ બિમારીની સારવારનો રૂ.પાંચ લાખ સુધીનો ખર્ચ રાજ્ય સરકાર દ્વારા વહન કરવામાં આવે છે. મા યોજના થકી અનેક પરિવારોના જીવનમાં ઉજાસ પથરાયો છે.સુરત શહેરના બડા ગણેશ મંદિર પાસે પુષ્પકુંજ સોસાયટી, કતારગામ ખાતે રહેતા ૬૫ વર્ષીય દિલીપભાઈ પટેલનું માં યોજના અંતર્ગત પ્રોસ્ટેટનું નિઃશુલ્ક ઓપરેશન કરાતા પટેલ પરિવારને મુશ્કેલ આર્થિક સ્થિતિમાં મોટી રાહત મળી હતી. આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીના કાર્યાલય દ્વારા દર્દીનું ત્વરિત ઓપરેશન થાય એ માટે પૂરતી મદદ કરી હતી. આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા થયેલાં પ્રયાસોનો સુખદ અનુભવ થતાં દિલીપભાઈનો પરિવાર મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીનો આભાર વ્યક્ત કરે છે. મૂળ ખેડા જિલ્લાના નડિયાદના વતની દિલીપભાઈ પટેલ જણાવે છે કે, મને થોડા સમયથી પ્રોસ્ટેટની સમસ્યા શરૂ થઈ હતી. કોથળીમાં યુરિન ભરવાના કારણે ઈન્ફેકશન થતાં મારી બંને કિડની ડેમેજ થઈ ગઈ હતી. જેની કિરણ હોસ્પિટલમાં સારવાર ચાલતી હતી. જ્યાં ડોકટરો દ્વારા પ્રોસ્ટેટનું ઓપેરશન કરવું જરૂરી હોવાનું નિદાન થયું હતું.

મા કાર્ડ યોજનાનો લાભ લેવા માટે હોસ્પિટલ દ્વારા ઓનલાઈન રજિસ્ટ્રેશનની જરૂરી કાર્યવાહી કરી તા.૦૧ નવેમ્બરના દિવસે દાખલ કરવામાં આવ્યો હતો. ૦૨ નવેમ્બરના રોજ ઓપરેશન કરાયું હતું. ઓપરેશનનો તમામ ખર્ચ "મા યોજના" દ્વારા રાજ્ય સરકારે ઉઠાવ્યો હતો. ૦૩ નવેમ્બરના દિવસે તબિયતમાં સુધારો આવતા રજા આપવામાં આવી હતી.દિલીપભાઈના પત્ની સુશીલાબેન જણાવે છે કે, 'અમારા પરિવારમાં ૬ સભ્યો છે. લોકડાઉનના કારણે ધંધા રોજગાર બંધ હતા, અને પરિવારની સ્થિતિ કફોડી બની હતી. પરિવારના ભરણપોષણની જવાબદારી આંગડીયા પેઢીમાં નોકરી કરતાં અમારા દીકરા દિવ્યેશ પર છે. આવા સમયે પતિના ઓપરેશન માટે મોટી રકમની જરૂર પડે એમ હતું. પરંતુ અમને જાણકારી મળી કે મા યોજનામાં પ્રોસ્ટેટ ઓપરેશન વિનામૂલ્યે થઈ શકે છે, આ માટે આરોગ્ય વિભાગ, ગાંધીનગર ખાતે શ્રી ઋતુરાજભાઈ ભટ્ટ અને મિત્તલબેનનો સંપર્ક કરતાં એમણે અમને શક્ય તમામ મદદ કરી, અને મા-કાર્ડની યોજનાનો લાભ અપાવ્યો. એક વર્ષ પહેલા મેં પણ માં યોજના હેઠળ બાયપાસ સર્જરી કરાવી હતી. એ સમયે પણ મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીનો સંપૂર્ણ સહયોગ મળ્યો હતો. મા યોજનાએ અમને ઓપરેશનના મોટા ખર્ચમાંથી ઉગારી લીધા છે જેના માટે રાજ્ય સરકારના ઋણી છીએ.

## પ્રોસ્ટેટ શું હોય છે?

પ્રોસ્ટેટની ગ્રંથિ ફક્ત પુરૂષોમાં જ હોય છે. પ્રોસ્ટેટની તકલીફ સામાન્ય રીતે પુરૂષોમાં ૬૦ વર્ષ બાદ એટલે કે મોટી ઉમરે જોવા મળે છે વૃદ્ધત્વને કારણે મૂત્રમાર્ગને વીંટળાઈને રહેલી પ્રોસ્ટેટ ગ્રંથિ ઘણીવાર મોટી થઈ જાય છે અને મૂત્રમાર્ગમાં અવરોધરૂપ બની જાય છે. આના કારણે પેશાબની કોથળી પૂરેપૂરી ખાલી થઈ શકતી નથી અને પેશાબ કર્યા પછી પણ અમૂક જથ્થો પેશાબની કોથળીમાં રહી જાય છે. આ રીતે કોથળીમાં પેશાબના ભરાવાને કારણે એમાં ચેપ લાગવાનું જોખમ વધી જાય છે અને તાવ સહિત યુરિનરી ઈન્ફેકશન થાય છે. જેના કારણે પ્રોસ્ટેટનું ઓપરેશન કરાવવું જરૂરી બની જાય છે.

# સુરતના ૧૬ ફાયર સ્ટેશનના ૧૧૧ ફાયર ફાઈટર જવાનોએ રક્તદાન કરી માનવતા મહેકાવી

### 'રક્તદાન મહાદાન'ના સૂત્રને સાર્થક કરતાં ૧૧૧ કર્મીઓએ રક્તદાન કરી કહ્યું– 'દિવાળીનો તહેવાર લોકોની સેવા કરીને ઉજવીશું'



### ફાયરના ૧૧૧ તેમજ અન્ય ૦૮ સેવાભાવી કર્મયોગીઓ મળી કુલ ૧૧૯ કર્મીઓએ રક્તદાન કરી ૧૧૯ યુનિટ રક્ત એકત્ર કર્યું



કમલમ દૈનિક, સુરત,

કોરોનાની મહામારી વચ્ચે રક્તની અછતને પહોંચી વળવા માટે બીડું ઉઠાવતા સુરત ફાયર વિભાગના ૧૬ ફાયર સ્ટેશનના ૧૧૧ જવાનોએ સામૂહિક રક્તદાન કરી માનવસેવાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું છે. શહેરમાં રક્તની અછતને પહોંચી વળવા અને રકતની જરૂરિયાત ધરાવતાં દર્દીઓને મુશ્કેલી ન સર્જાય એ હેતુથી સુરતની સ્મિમેર હોસ્પિટલની બ્લડ બેંક દ્વારા વેસુ ફાયર સ્ટેશન ખાતે મનપા કમિશનરશ્રી બંછાનિધિ પાનીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ રકતદાન શિબિરમાં ફાયર વિભાગના ચીફ ફાયર ઓફિસર બસંત પારિક સહિત ૧૧૧ અધિકારી-કર્મીઓ તેમજ અન્ય ૦૮ સેવાભાવી કર્મયોગીઓ મળી કુલ ૧૧૯ કર્મીઓએ રક્તદાન કરી ૧૧૯ યુનિટ રક્ત એકત્ર કર્યું હતું, જેને સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર બ્લડ બેંકમાં જમા કરાવવામાં આવ્યું હતું. સુરત ફાયર વિભાગના ચીફ ઓફિસર બસંત પરીકે જણાવ્યું હતું કે, કોરોના મહામારી દરમિયાન સુરતમાં વધુમાં વધુ રક્તદાન કેમ્પ થાય તે જરૂરી છે. કોરોનાની કપરી પરિસ્થિતિમાં શહેરના તમામ ફાયર સ્ટેશનના જવાનોએ રજા લીધા વિના પોતાની ફરજ નિભાવી છે. ફાયર સિવાય ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની તમામ કામગીરી નિભાવી છે, ત્યારે હવે રક્તની જરૂરિયાત વધી છે, જેને પૂર્ણ કરવાંનો સંકલ્પ કર્યો છે. કોરોના સામેની લડાઈની સાથોસાથ શહેરના નાગરિકો પણ વધુમાં વધુ રકતદાન કરી 'રકતદાન મહાદાન'ના પૂણ્યકાર્યમાં સહભાગી બને તેવો અનુરોધ કર્યો હતો. 'રક્તદાન મહાદાન'ના સૂત્રને સાર્થક કરતાં ૧૧૧ કર્મીઓએ રક્તદાન કરી કહ્યું કે 'દિવાળીનો તહેવાર લોકોની સેવા કરીને ઉજવીશું'. સુરત માનદરવાજા ફાયર સ્ટેશનમાં વહીવટી ઓફિસ વિભાગમાં હેડકલાર્ક તરીકે ફરજ બજાવતા રાજેશકુમાર બાબરીયાએ જણાવ્યું કે, હું ૧૯૯૨થી રક્તદાન કરૂ છું. અત્યાર સુધીમાં ૨૫ વાર રક્તદાન કર્યું છે, અને ભવિષ્યમાં પણ રક્તદાન માટે પ્રતિબદ્ધ છું. કુદરતે આપેલી અણમોલ ભેટ એવા લોહીને દુનિયાની કોઈ ફેક્ટરીમાં બનાવી શકાતું નથી, જે માત્ર ઈશ્વરે આપેલા માનવદેહમાં જ બને છે. એટલે જ રક્તદાન કરવાથી જો કોઈની જિંદગી બચાવી શકાતી હોય તો રક્તદાન સૌએ અવશ્ય કરવું જોઈએ. મોટા વરાછા ફાયર સ્ટેશનમાં હાઈડ્રોલિક પ્લેટફોર્મ ઓપરેટર તરીકે છેલ્લા ૨૦ વર્ષથી ફરજ બજાવતાં ૪૫ વર્ષિય વિનોદભાઈ પટેલે અત્યાર સુધીમાં સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં સાત વાર રક્તદાન કર્યું છે. મને ખુશી છે કે ફાયર સેવાની સાથે અન્ય સેવાકીય પ્રવૃત્તિમાં પણ યોગદાન આપી માનવસેવાનો મોકો મળ્યો છે તેમ વિનોદભાઈ જણાવે છે. આ પ્રસંગે ડે.કમિશનર સહિત રક્તદાતા ફાયર જવાનો ઉપસ્થિત રહ્યા હતા.

